## આણંદ કૃષિ યુનિવર્સિટી,
## આણંદ

**વંચાણે લીધો:** નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક: મસભ-૧૦૨૦૧૩-૧૪૨૯૬૯-ચ, તા.૨૩/૦૫/૨૦૧૮

**જાહેર રજાના દિવસ દરમ્યાન રજા પ્રવાસ / વતન પ્રવાસ રાહત યોજનાનો લાભ મંજુર કરવા બાબત..**

**નકલ સવિનય રવાના જાણ તથા અમલ થવા સારૂ.**

(૧) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ. આણંદ તરફ જાણ સારૂ.
(૨) યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ.
(૩) હિસાબ નિયામકશ્રી, આ.કૃ.યુ. આણંદ
(૪) હિસાબી અધિકારીશ્રી(કેશ)/હિસાબી અધિકારીશ્રી(પીએફ/પેન્શન), આ.કૃ.યુ.,આણંદ
(૫) ઓડીટ ઓફીસરશ્રી, પે એન્ડ પેન્શન સેલ, આ.કૃ.યુ.,આણંદ
(૬) યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીઓને વંચાણે લેવા તથા ઠરાવમાં દર્શાવેલ સૂચનાઓ મુજબ અમલ કરવા સારૂ.

કુલસચિવ

**નં. આકૃયુ/રજિ/સંકલન/**૬૧૫૯ – ૬૮ **/૨૦૧૮**
**તા.**૨/૦૬/**૨૦૧૮**
**નકલ રવાના:**

(૧) કુલસચિવશ્રીના અંગત મદદનીશ,આ.કૃ.યુ.,આણંદ
(૨) આ કચેરીની તમામ શાખાઓ તરફ.

જાહેર રજાના દિવસ દરમ્યાન રજા પ્રવાસ/વતન
પ્રવાસ રાહત યોજનાનો લાભ મંજુર કરવા બાબત

Office of the Registrar
A.A.U., ANAND.
21 JUN 2018
INWARD NO. 5538

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
પરિપત્ર ક્ર. મસભ-૧૦૨૦૧૩-૧૪૨૯૬૯-ચ
સચિવાલય, ગાંધીનગર.
તા. 23 MAY 2018

સંદર્ભ : નાણા વિભાગનો સરખા ક્રમાંકનો તા. ૨૮/૮/૨૦૧૫ નો સંકલીત ઠરાવ

## -: પરિપત્ર :-

ઉપર સંદર્ભમાં નિર્દિષ્ટ તા. ૨૮/૮/૨૦૧૫ ના ઠરાવથી રજા પ્રવાસ/વતન પ્રવાસ રાહત યોજના અંગેની સંકલીત સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે. સદરહુ સંકલિત ઠરાવના પારા-૫.૦ થી " રજા: " ના સંદર્ભમાં

(૧) કર્મચારી/અધિકારી નિયમિત રજા જેમ કે, પ્રાપ્ત રજા, રૂપાંતરિત રજા, અર્ધપગારી રજા, અસાધારણ રજા, પ્રાસંગિક રજા (Casual Leave) અને પ્રસુતિ રજા મંજુર કરાવી રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહતનો લાભ લઇ શકશે.

(૨) વેકેશન ખાતામાં નોકરી કરતાં સરકારી કર્મચારીની બાબતમાં વેકેશનના સમયને રજા તરીકે ગણી રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત મેળવી શકશે. તે મુજબની જોગવાઇ કરવામાં આવેલ છે. આમ, રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત યોજનાનો લાભ જાહેર રજાના દિવસે મેળવી શકાય કે કેમ તે બાબતે સદરહુ નિયમોમાં કોઇ સ્પષ્ટ જોગવાઇ કરવામાં આવેલ ન હોઇ, અમુક વિભાગો/કચેરીઓ દ્વારા રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત યોજનાનો લાભ જાહેર રજા દરમ્યાન મંજુર કરવામાં આવેલ હોવાની બાબત નાણા વિભાગના ધ્યાન ઉપર આવેલ છે.

જાહેર રજા એ ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, ૨૦૦૨ મુજબ રજાનો પ્રકાર ન હોવાથી જાહેર રજા દરમ્યાન રજા પ્રવાસ/વતન પ્રવાસ રાહત યોજનાઓ લાભ મંજુર કરવાનો રહેતો નથી. નાણા વિભાગના તા. ૨૮/૮/૨૦૧૫ ના સંકલીત ઠરાવની જોગવાઇ ધ્યાને લેતાં, ભવિષ્યમાં, જાહેર રજાના દિવસ દરમ્યાન રજા પ્રવાસ/વતન પ્રવાસ રાહત યોજનાનો લાભ કોઇપણ સંજોગોમાં મંજુર કરી શકાશે નહીં પરંતુ આગળ-પાછળની જાહેર રજાના લાભ સાથે રજા પ્રવાસ/વતન પ્રવાસ રાહત યોજનાનો લાભ મંજુર કરી શકાશે તે પ્રમાણેની સૂચનાઓ આથી સર્વે વહીવટી વિભાગો/ખાતાના વડાની કચેરીઓને આપવામાં આવે છે. આ સુચનાઓનો ચુસ્તપણે પાલન કરવાનો રહેશે.

પરિપત્રની તારીખ સુધીના આ પ્રકારના કેસોને વિનિયમિત ગણી નિકાલ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શૈલેષ વિ. પરમાર)
નાયબ સચિવ
નાણા વિભાગ

<u>નકલ રવાના પ્રતિ:-</u>

* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
* માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો/સર્વે ખાતાના વડાઓ
- એકાઉન્ટન્ટ જનરલ ઓડિટ-૧, ગુજરાત, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી(એ.એન્ડ ઇ.), ગુજરાત, પો.બો. નં. ૨૨૦, રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત, અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
- સ્થાનિક ભંડોળ હિસાબ, ડી. એ. ટી.ગાંધીનગર /સર્વે સહાયક નિરિક્ષકશ્રીઓ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
- તમામ નિગમ/બોર્ડ/યુનિવર્સિટીઓ/રાજ્ય સરકારના તમામ જાહેર સાહસો.
- સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ..... વેબસાઇટ ઉપર મુકવા સારૂ.
- સિલેક્ટ ફાઇલ
* પત્ર દ્વારા